તારાપુર પાસે ઈકો કાર-ટેન્કર પાછળ ઘુસી જતા અકસ્માત

૯ મુસાફરોને ઈજા : ૪ની હાલત નાજુક જણાતા અમદાવાદ ખસેડાયા

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સરખેજ માર્ગ પર ગાંધીનગર તરફ આવતી મુસાફરો ભરેલી ઈકો કાર ટેન્કર પાછળ ગુસી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ડ્રાઈવર સહિતના નવ મુસાફરોને ઈજાઓ થવા પામી હતી. જ્યારે ૪ વ્યક્તિઓની હલત વધુ ગંભીર જણાતા તેઓને તુરંત અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે અડલાજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

તારાપુર ગામ પાસે આગળ પસાર થતા ટેન્કરની પાછળ અમદાવાદથી

ગાંધીનગર જિલ્લાના માર્ગો પર દિન પ્રતિદિન અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ચિલોડા-નરોડા અને ગાંધીનગર-અમદાવાદના હાઈવે પર દરરોજ એકાદ અકસ્માત સર્જાય છે. ત્યારે સોમવારે સવારે ૧૦ મુસાફરો ભરી અમદાવાદથી ગાંધીનગર તરફ આવી રહી હતી. સટલીયા ઈકો કાર નં. જીજે-૧-આર.જી.-૧૦૨૫માંથી અડાલજ પાટીયા પાસે બે મુસાફરો ઉતરી ગયા હતા. બાદમાં આ કાર અડાલજથી ગાંધીનગર તરફ આવી રહી હતી ત્યારે તારાપુર ગામ પાસે હાઈવેના ડિવાઈડર વચ્ચે ઝાડને પાણી પાઈ રહેલા ટેન્કર પાછળ ધડાકાભેર ઘુસી ગઈ હતી. જોતજોતામાં ઈકો કારની પાછળ આવી રહેલ અન્ય એક કાર પણ ઈકો કાર પાછળ ઘુસી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં ઈકો કારના ચાલક સહિત ૯ મુસાફરોને ઈજાઓ થતા ગાંધીનગર સિવિલમાં ૧૦૮ સેવા મારફતે લાવવામાં આવ્યા હતા.જ્યાં ચાર મુસાફરોની હાલત વધુ નાજુક જણાતા તેઓને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત અંગે અડાલજ પોલીસને જાણ કરતા પી.એસ.આઈ. ડી.ડી. ઝાલાએ વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતમાં ઈજાગ્રસ્ત મુસાફરો

અમીત ગોરધનભાઈ પટેલ (ઉં.વ. ૨૮, રહે. સેક્ટર-૨, ગાંધીનગર)
વિક્રમ બિજલભાઈ ભરવાડ (ઉં.વ. ૨૫ રહે. સેક્ટર-૧૪, ગોકુલપુરા)
ચેતનાબેન રાજેન્દ્રસિંહ ચૌહાણ (ઉં.વ. ૧૮ રહે. આરસોડીયા, તા. ઈડર)
નિકુલસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ (ઉં.વ. ૧૬ રહે. આરસોડીયા, તા. ઈડર)
પ્રહલાદભાઈ કાળીદાસભાઈ (ઉં.વ. ૫૦)
પરેશભાઈ શાસ્ત્રી (ઉં.વ.૪૫, રહે. ઘાટલોડીયા, અમદાવાદ)
દિશાબેન અશોકભાઈ પટેલ (ઉં.વ.૨૨, રહે. મોરબી)
ડાહ્યાભાઈ મહાદેવભાઈ દેસાઈ (ઉં.વ.૫૪, રહે. અમદાવાદ)

ધરતીમાતાનું કર્જ ઉતારવા માટે હવે માત્ર છેલ્લી ટ્રેન..!!!

કુદરતી સંશાધનો જેવા કે ઉર્જા, જળ, વન અને ખનિજ વગેરેનો બેફામ દુર્વ્યય અટકાવવો પડશે : નવી જીવનશૈલીમાં આગામી પેઢીને કુદરતી સ્ત્રોતોનો વિવેકપૂર્ણ ઉપયોગ શીખવવો જરૂરી

વિશ્વ પૃથ્વી દિવસ
- સમીર રામી

ગાંધીનગર, તા. ૨૦

આજે વિશ્વ પૃથ્વી દિવસ છે. આ દિવસ ૧૯૭૦થી ઉજવાયછે. જેનો હેતુ લોકોને પૃથ્વી પ્રત્યે સંવેદનશીલતા કેળવી પર્યાવરણ જાળવણીની જાગૃતિ ફેળાવવાનો છે. જો કે દિવસ ને દિવસે બેફામ પ્રદૂષણ અને વિવિધ કુદરતી સ્ત્રોતોના દુરૂપયોગ તેમજ વૃક્ષોના સતત નિકંદનને કારણે પૃથ્વીની તબિયત લથડતી જાય છે. ભારતીય સંસ્કૃતિમાં પૃથ્વીને ધરતીમાતાનું નામ આપી માતૃતુલ્ય સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ જ્યારે આજ ધરતીમાતાને પોતાના સ્વાર્થ ખાતર કષ્ટ પહોંચાડવામાં કોઈજ કસર છોડવામાં આવતી નથી. આજે પૃથ્વી દિને ખરા હૃદયથી ધરતીમાતાની માફી માંગવાનો અને ભવિષ્યમાં પર્યાવરણની જાળવણી કરી કુદરતી સંશાધનોના વ્યયને અટકાવવાનો સંકલ્પ કરવો એજ સમયની તાતી જરૂરિયાત છે.

આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસે ધરતી પર તોળાતા ભાવિ સંકટો તરફ નજર કરવી યોગ્ય લેખાશે. વધતી જતી વસ્તીના કારણે કુદરતી સંપત્તિ જેવી કે જળ, વન, ખનિજ, હવા જેવા અનેક તત્વોનો દુર્વ્યય વધારે છે. લોકોની રહેણીકરણી અને નવતર જીવનશૈલીના કારણે આ દુર્વ્યય નિયંત્રણ બહાર જઈ રહ્યો છે. આવનારી પેઢીને જો સમયસર ઉર્જા, જળ, વૃક્ષો અને ખનિજ તત્વોથી માંડીને તમામ સંશાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ નહી શીખવીએ તો તેમનું ભાવિ જ અંધકારમય બનાવીશુ. ધરતી તેની પ્રતિક્રિયા જાપાન કે ઉત્તરાખંડ જેવા પર્યાવરણીય આકોશ દ્વારા આપશે તેમાં બે મત નથી. ગ્લોબલ વોર્મીંગથી માંડીને કુદરતી આફતો જેવી કે પૂર, ભૂકંપ અને સુનામી વગેરેને માનવી પોતાની જાતે જ નોતરૂ આપી રહ્યો છે. કુદરતી પ્રકોપથી બચવા હવે તો નવી પેઢીને જાગૃત કરી વિવેકપૂર્ણ જીવનશૈલી અપનાવવી એ જ એક માત્ર 'છેલ્લી ટ્રેન' ભાસી રહી છે.

તાજેતરમાં વાતાવરણમાં આવેલા સતત પરિવર્તનો, ઋતુચકને કોરાણે મુકી દેવુ પડે તેવા ફેરફારોને કારણે ખેડૂતો પણ અસમંજસમાં મુકાઈ જવા પામ્યા હતા કે ક્યારે વાવણી કરવી અને ક્યારે કાપણી કરવી ? નાની નાની બાબતો પ્રત્યે સજાગતા કેળવી આપણે જો ધરતીનું જતન કરતા થઈશુ તો ધરતીમાતાના કર્જને થોડુ ઘણું ઉતારી શકશુ. આ માટે વ્યક્તિગત અને સામૂહિક બંને પ્રકારના યોગદાન અત્યંત આવશ્યક છે.

ચિલોડા આર્મી કેમ્પમાં વૃદ્ધ દંપતિએ એક જ દુપટ્ટે લટકી મોતને વ્હાલુ કર્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક આર્મી કેમ્પની કોલોનીમાં અગમ્ય કારણોસર વૃદ્ધ દંપતિએ પોતાના જ ઘરમાં એક જ દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ વૃદ્ધ દંપતિ આત્મહત્યા અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ ગાંધીનગર નજીક આર્મી કેમ્પ આવેલ છે. જ્યાં મૂળ મધ્યપ્રદેશના જવાન સૌરવ ઠાકુર નોકરી કરે છે અને ત્યાં રહેણાંક મકાનમાં સૌરવ ઠાકુરના પિતા જોગીન્દરસિંગ સતસિંગ ઠાકુર ઉં.વ.૬૫ અને માતા દેવિયાની જોગીન્દરસિંગ ઠાકુર ઉં.વ. ૬૦ સાથે રહેતા હતા. દરમિયાન આર્મી જવાન સૌરવ ઠાકુર કામ અર્થે સવારે ફ્રાગંધ્રા જવા નિકળ્યા હતા. બાદમાં સવારે પોતાના દિકરાને ફોન કરી પરત આવવા ફોન કર્યો હતો અને ૧૧ વાગ્યાના સમયે વૃદ્ધ દંપત્તિ જોગીન્દરસિંગ અને દેવિયાનીબેને પોતાના જ ઘરમાં અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધી એ જ દુપટ્ટા વડે બન્નેએ પણ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. થોડા સમય બાદ વૃદ્ધ દંપતિનો પુત્ર સૌરવ તુરંત પરત ઘરે આવી ગયો હતો અને બારીમાંથી જોતા બન્નેનો મૃતદેહ નજરે પડ્યો હતો. આર્મી દરવાજો તોડી અંદર ગયો હતો. જ્યાં વૃદ્ધ દંપતિના મૃતદેહ પંખે લટકેલી હાલતમાં હતા. આ મામલે ચિલોડા પોલીસને જાણ કરતાં પોલીસે બનાવ સ્થળે આવી મૃતદેહોને ગાંધીનગર સિવિલમાં પી.એમ. અર્થે મોકલી આપ્યા હતા. આ સંદર્ભે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જો કે હજુ સુધી આ વૃદ્ધ દંપતિની આત્મહત્યાનું કોઈ કારણ બહાર આવ્યું નથી.

અંબાજીમાતાના મંદિરનો ૧૧મો પાટોત્સવ સે. ૬-એ ખાતે યોજવામાં આવી રહ્યો છે. સોમવારે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ શ્રદ્ધાપૂર્વક રથયાત્રામાં ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)

જમીન સંપાદન મુદ્દે એનએફટીયુએ કલેક્ટરને આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા. ૨૦

જમીન સંપાદનનો કાળો કાયદો, શિક્ષણમાં પ્રદૂષણ તેમજ રેશનકાર્ડ ધારકોને અપુરતા અનાજ પુરવઠાના વિરોધમાં નેશનલ ફેડરેશન ઓફ યુનિયન્સ અને એસોસીએશન્સ (એન.એફ.ટી.યુ.એ.) તેમજ તેમજ જન આંદોલન દ્વારા તા. ૨૨-૪-૨૦૧૫ બુધવાર, ૧૨ વાગે ગાંધી આશ્રમથી કલેક્ટર કચેરી પર મોરચો કાઢી આવેદન આપશે.

ગુજરાત અને દેશની ૧૨૦ કરોડની જનતા ઉપર કેન્દ્ર સરકાર દ્વારા ભૂમિ સંપાદનનો કાળો કાયદો ઠોકી બેસાડી દેવાના પ્રયાસોના કારણે કરોડો ખેડૂતોની જિંદગી ભયમાં મુકાયેલ છે. માત્ર અને માત્ર મોટા ઉદ્યોગપતિઓને જ ફાયદો કરાવવા માટે હાલની સરકાર લોકશાહીના સિદ્ધાંતો નેવે રાખીને ખેડૂતોના હિત પર કુઠારાઘાત કરી રહી છે. ત્યારે શ્રમજીવી ખેડૂતોના જીવન પર તોળાઈ રહેલા મહાસંકટ સામે અવાજ ઉઠાવવા રાષ્ટ્રના તમામ નાગરીકોની ફરજ છે.

એન.એફ.ટી.યુ.એ. અને જન આંદોલન વતી શરૂ કરેલ લડતના ભાગરૂપે ગાંધી આશ્રમ ખાતે પૂ. ગાંધીબાપુને નમન કરી મોરચો કલેક્ટર કચેરી ખાતે પ્રયાણ કરી કલેક્ટરશ્રીને આવેદન સુપરત કરશે.

આ મોરચામાં સર્વશ્રી અશોકભાઈ પંજાબી, બી.એમ. દેસાઈ, બી.સી. શાહ, નંદુ દેશપાંડે, જનઆંદોલનના મુકેશ પરીખ અને પ્રકાશ કાપડીઆ તેમજ વિવિધ કામદાર સંગઠ્ઠનો, સ્વૈચ્છિક સંગઠ્ઠનોના અગણીઓ પણ જોડાશે.

ખોરજ નર્મદા કેનાલમાં આધેડે મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર પાસેની ખોરજ નર્મદા કેનાલમાં અમદાવાદના એક આધેડે બિમારીને કારણે કંટાળી મોતની છલાંગ લગાવી હતી જેથી તેનું ડુબી જતા મોત નિપજયું હતું. આ સંદર્ભે અડાલજ પોલિસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના ચાણક્યપુરના શકિત એપાર્ટમેન્ટમાં રહેતા ૪૮ વર્ષીય ઈશ્વરભાઈ લલ્લુભાઈ દેસાઈ છેલ્લા ઘણા સમયથી માનસિક બિમારીથી પીડાઈ રહ્યા હતા. દરમિયાન આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી બાઈક લઈ ખોરજ પાસે નર્મદા કેનાલે આવ્યા હતા. જયાં બાઈક પાર્ક કરી શર્ટ કાઢી તેમાં મોબાઈલ અને સ્યુસાઈડ નોટ મુકી બિમારીથી કંટાળી કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી અને ડુબી જવાથી મોત નિપજયું હતું.

થોડા સમય બાદ કેનાલ સિકયુરીટી ગાર્ડને બાઈક અને શર્ટ દેખાતા તેણે તુરતં મૃતકના શર્ટમાંથી મોબાઈલ લઈ પરિવારજનોને જાણ કરી હતી અન બાદમાં અડાલજ પોલિસને પણ જાણ કરી હતી. અડાલજ પોલિસના જમાદાર કાનજીભાઈએ સ્થળ પર આવી મૃતદેહને બહાર કઢાવી પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલમાં મોકલી આપ્યો હતો. અને અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ચંદ્રાલામાં બે શખ્સોએ જમીન બાબતે માથાકૂટ કરી મહિલાના મંગળસૂત્રની લૂંટ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીકના ચંદ્રાલા ગામે ખેતર ખેડવાની બાબતે બે ઈસમોએ એક મહિલાને મારઝુડ કરી સોનાના મંગળસૂત્રની લૂંટ ચલાવી હતી. મહિલાની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરના ચંદ્રાલા ગામે રહેતા રીટાબેન પરેશભાઈ પટેલ આજે પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. દરમિયાન ગામના જ બે સગાભાઈઓ જગદીશ ડાહ્યાભાઈ પટેલ અને રામકૃષ્ણ ડાહ્યાભાઈ પટેલે મહિલા સાથે બોલચાલ કરી ઝઘડો કર્યો હતો અને બાદમાં મહિલાના ગળામાં રહેલ ૮૦ હજારની કિંમતનું ૩ તોલાનુ મંગળસૂત્ર લૂંટી ફરાર થઈ ગયા હતા. આ અંગે રીટાબેન પટેલે ચિલોડા પોલીસમાં લૂંટની ફરિયાદ નોંધાવી હતી જેના આધારે જમાદાર દિલાવરખાને ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૫
સૂર્યાસ્ત : ૭.૦૫

તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૩૦ ટકા ● સાંજે ૧૬ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦
સ્ક્રીન-૩ :
ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫
સ્ક્રીન-૪ :
એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

સિટીપલ્સ

સ્ક્રીન-૨ :
મિ. એક્સ : ૩.૩૦, ૧૦.૦૦
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૦૦
સ્ક્રીન-૩ :
મિ. એક્સ : ૧૨.૪૫, ૬.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૩.૪૫, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦
સ્ક્રીન-૪ :
જો બકા : ૧૦.૦૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦
લીલા : ૪.૦૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૭.૦૦
સ્ક્રીન-૫ :
મિ. એક્સ : ૧૦.૦૦
લીલા : ૧૨.૪૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૩.૩૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
એન. એસ. ૮ : ૫.૩૦, ૭.૩૦

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પામિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

ચિરવિદાય

- સ્વ. પ્રજ્ઞેશકુમાર રણછોડભાઈ પટેલ (ઉ.વ.૨૫) મુ. આલમપુરા, તા.જી.ગાંધીનગર
- સ્વ. મનજીભાઈ ચેલાજી ગોહિલ (ઉ.વ.૭૦) ઈન્દિરાનગર છાપરાં, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. સજુબેન રણછોડભાઈ ભરવાડ (ઉ.વ.૭૫) સેકટર-૧૪, ગોકુલપુરા, ગાંધીનગર